દાખલ તારીખ : ૦૧/૦૯/૨૦૨૩
નોંધ્યા તારીખ : ૦૧/૦૯/૨૦૨૩
ફેસલ તારીખ : ૨૯/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિન
૦૨ ૦૯ ૨૮

****

ગોંડલના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મું. ગોંડલ.

****

રેગ્યુલર સિવિલ સ્યુટ નં.૧૭૯/૨૦૨૩
આંક: ૩૯

વાદી : ગૌરાંગભાઈ સુશીલભાઈ મહેતા,
હે. ભવનાથ નગર-૧, શેરી નં.૪,
ગોંડલ. જી. રાજકોટ.

વિરૂધ્ધ

પ્રતિવાદી : નાડાર જ્ઞાનાસેલ્વી ક્રિસ્ટોબર(ઢોસાવાળા)
હે.ભવનાથ નગર, મેઈન રોડ,
રૈયારાજ ડેરી સામે, ગોંડલ.

<u>બાબત: રૂા.૧૩,૦૦,૦૦૦/- વસુલ મળવા અંગે...</u>

વાદી તરફે : વિ. વ. શ્રી એન.એસ.ભંડેરી.
પ્રતિવાદી તરફે : વિ. વ. શ્રી એસ. એન. પરમાર.

-:: ચુકાદો ::-

(૧) વાદીની હાલની દાવા અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના વાદીએ પ્રોમીસરી નોટ લેખીત આધારે તેમજ કોન્ટ્રાક્ટ પુરો થઈ ગયેલ હોય જેના આધારે તેમજ આ દાવો સી.પી.સી. ઓર્ડર- ૩૭ રૂલ મુજબ દાવા તરીકે દાખલ કરેલ છે, વાદી ઉપરના સરનામે રહે છે અને આ કામના પ્રતિવાદી ઉપરોકત દર્શાવેલ સરનામે રહે છે. સદરહું આ કામના પ્રતિવાદીએ રોકડ રકમની જરૂરીયાત ઉભી થતા વાદીએ સબંધની રૂએ આ કામના પ્રતિવાદીને

રૂા.૧૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા તેર લાખ પુરા એચ.ડી.એફ.સી. બેંક ગોંડલ શાખાના તેઓના ખાતા નં. ૫૦૧૦૦૩૩૮૧૨૯૫૩૧ જેના ચેક નં.૦૦૦૦૨૪ તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજનો પ્રતિવાદીના નામ જોગ આપેલ છે, જે ચેકના નાણાં પ્રતિવાદીને મળી ગયેલ છે અને તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ આ કામના પ્રતિવાદીએ વાદીને પ્રોમીસરી નોટ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ ઉપર લખી આપેલ છે. સદરહું પ્રોમીસરી નોટ નોટરી સાહેબ સમક્ષ તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ નોંધાયેલ છે અને પ્રોમીસરી નોટ સાથે આ કામના પ્રતિવાદીએ પોતાની બેંક એચ.ડી.એફ.સી. બેંક ગોંડલ શાખા જેના ખાતા નં. ૫૦૧૦૦૪૫૨૩૫૮૪૪૪ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજનો રૂા.૧૩,૦૦, ૦૦૦/– વાદીના નામ જોગનો લખી આપેલ છે એટલે કે આ કામના પ્રતિવાદીને ત્રણ અઠવાડીયા માટે કુલ દિવસ ૨૧ માટે પૈસાની જરૂરીયાત હોય જેથી વાદીએ સબંધની રૂએ પ્રતિવાદીને રૂા.૧૩,૦૦,૦૦૦/– આપેલ છે. પ્રોમીસરી નોટનો સમય પુરો થતા ચેકની તારીખ આવી જતા વાદીએ તા.૦૯/૦૪/૨૦૨૩ ના રોજ આ કામના પ્રતિવાદીને જાણ કરેલ કે આવતી કાલે પ્રોમીસરી નોટનો સમય પુરો થાય છે તથા ચેક બેંકમાં જમા કરાવવાનો થાય છે તો તમો ચેક પાસ થઈ જાય તેટલી બેલેન્સ બેંકમાં રાખજો જેથી પ્રતિવાદીએ જણાવેલ કે તમારો ચેક પાસ થઈ જાય તેટલી રકમ મારા ખાતામાં છે, જેથી તમો કોઈ ચિંતા કરશો નહી. આવો વિશ્વાસ વાદીને આપેલ. પ્રતિવાદીએ વાદીના નામ જોગ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ લખી આપેલ ચેક વાદીએ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ એચ.ડી.એફ.સી. બેંક ગોંડલ શાખાના તેમના ખાતામાં જમા કરાવેલ જે ચેક તા.૧૧/૦૪/૨૦૨૩ ના રોજ ''ફંડસ ઈનસફીસયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે જેની જાણ વાદીએ આ કામના પ્રતિવાદીને કરેલ છે અને આ બાબત પ્રતિવાદી સારી રીતે જાણે છે. પ્રતિવાદીનો ચેક પરત ફરતા વાદીએ પ્રતિવાદીને ટેલિફોનિક જાણ કરી દીધેલ છે ત્યારબાદ ૧૦ દિવસ ઉપરાંતના સમયથી પ્રતિવાદીને ટેલિફોનિક સંપર્ક કરીએ તો ફોન રીસીવ કરતા નથી જેથી હાલનો આ દાવો લાવવાની ફરજ પડેલ છે અને નીચે મુજબની દાદ માંગેલ છે.

(એ) વાદીના લેણાં નિકળતા રૂા. ૧૩,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા તેર લાખ

પુરા આ કામના પ્રતિવાદી ચુકવી આપે તથા પ્રતિવાદીની હરેક પ્રકારની મિલકતમાંથી વસુલ લઈ વાદીને ચુકવી આપે તેવો હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂદ્ધમાં ફરમાવવા નમ્ર અરજ છે.

(બી) આ દાવાને અપાવી શકાય તેવી હરકોઈ સમન્યાયી દાદ અપાવવા અરજ છે.

(૦૨) વાદીએ હાલનો દાવો દાખલ કરતા સદર દાવો સ્પે. સમરી દાવા નં.૧/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક-૧૦ થી લીવ ટુ ડીફેન્સની અરજી આપવામાં આવેલી. જે અરજી લગત મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ હુકમ કરેલ કે, સદર સમરી દાવાને રેગ્યુલર દાવા તરીકે રજીસ્ટરે નોંધવો અને દાવાને આર. સી. એસ નંબર આપવો. આમ, સદર સ્પે. સમરી દાવાને રેગ્યુલર દાવા તરીકે રજીસ્ટરે લેવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદીની આંક-૧૦ ની લીવ ટુ ડીફેન્સની અરજીને પ્રતિવાદીના જવાબ તરીકે ગણવા બાબતે પ્રતિવાદીએ આંક-૧૨ થી અરજી આપતા લીવ ટુ ડીફેન્સની અરજીને પ્રતિવાદીના જવાબ તરીકે ગણવામાં આવેલ છે. પ્રતિવાદીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, પ્રતિવાદીના પતિ મદ્રાસ કાફે નામથી ઢોસાની રેકડી ચલાવે છે તથા તેઓ વર્ષોથી ગોડલ મુકામે રહે છે. વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા કહેવાતી રકમ તા.૨૦/૦૩/૨૦૨૩ ના અપાયેલ છે તથા તે રકમ ચુકવવા ચેક તા.૦૧/૦૪/૨૦૨૩ નો અપાયેલ છે એટલે કે ૨૧ દીવસમાં પૈસા ચુકવી આપવા. વાદીએ જે મોડસ ઓપરેન્ડી વાપરેલ છે તે ધ્યાને લેતા વાદીએ પુર્વ આયોજીત રીતે કાવતરૂ કરેલ છે અને તેઓને ખોટી રીતે ફસાવેલ છે તેવુ ફલીત થાય છે. તેમના પતિનું નામ નાડાર ક્રિસ્ટોબર છે તથા તેઓના પતિએ જયસ્વાલ ન્યુઝવાળા પાસેથી સને-૨૦૧૭ માં પાંચ લાખ લીધેલ હતા જેનુ વ્યાજ દર મહીને ૩% લેખે ૧૫,૦૦૦/- પંદર હજાર ચુકવતા હતા અને બીજી વખત પણ ત્રણ લાખ વ્યાજે લીધેલ જેનુ વ્યાજ ૩% લેખે ૯,૦૦૦/- નવ હજાર ચુકવતા હતા જે વ્યાજ તેમના પતિ સમયસર ચુકવી શકતા ન હતા અને વ્યાજના વિષચક્રમાં ફસાઈ ગયેલ. તેમના પતિ વ્યાજમાંથી બહાર નીકળવા માગતા

હોઈ જયસ્વાલભાઈને મળેલ જેથી જયસ્વાલભાઈએ કહેલ કે "હુ તને લોન કરાવી આપીશ તમારા ખાતામાં એન્ટ્રી કરવી પડશે પછી તમને ૨૦,૦૦,૦૦૦/- વીસ લાખની લોન કરી આપીશ જેથી તમારૂ બધુ વ્યાજ તથા દેણુ ચુકવાઈ જાય.'' તેમના પાનકાર્ડ તથા આધારકાર્ડ અને ચેકો તેમની પાસેથી જયસ્વાલભાઈએ સહી કરી લઈ લીધેલ તથા તેમને લખાણમાં સહી કરવાનુ કહી સહી કરાવેલ કે આ લખાણ બેંકમાં આપવું પડશે. વાદીએ તેમના ખાતામાં રૂ.૧૩,૦૦,૦૦૦/- અંકે રૂપીયા તેર લાખ પુરા તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ જમા કરાવેલ તથા તેમના ચેકથી તેમના પતિનાં ખાતામાં જમા કરાવેલ. તેમના પતિએ તેના ખાતામાંથી હર્ષાબેન ભાસ્કરભાઈ જયસ્વાલને રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પાંચ લાખ તથા હીનાબેન રજનીકાંતભાઈ જયસ્વાલને રૂા.૩,૦૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખ તા.૨૧/૦૩/૨૦૨૩ થી તથા રૂા.૨,૦૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ ચંદ્રશેખર રજનીકાંત જયસ્વાલને ચુકવેલ તથા બાકીની રકમ વાદીને ચુકવેલ. વાદીએ તેમની પાસેથી કોરા ચેકો તથા લોન માટે લખાણ કરાવેલ છે. ચેક અંગેની નોટીસ મળતા તેમના પતિએ જયસ્વાલભાઈને વાત કરેલ કે "તમને પૈસાની એન્ટ્રી પરત કરી દીધેલ છે તથા કોઈ રકમ કે વાદીની કોઈ રકમ અમારી પાસે નથી તેમ છતા નોટીસ મોકલેલ છે" તો જયસ્વાલભાઈએ જણાવેલ કે "તમારી પાસેથી હજી દશ લાખ લેવા છે", જેથી તેમની સાથે છેતરપીંડી થયાની જાણ થઈ આ અંગે તેમના પતિએ પોલીસમાં અરજી કરેલ છે. આ બચાવમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાયની દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરવામાં આવે છે. દાવા અરજી પેરા-૧ ની હકીકત અંગે વાદીને દાવો કરવા કોઈ સતા નથી. ખરી હકીકતે લોનના બહાને પ્રામીસરી નોટ કરાવેલ છે. ખરી હકીકતે લોન માટે એન્ટ્રી કરાવેલ છે તથા તે રકમ તેઓએ તેમના પતિના ખાતામાંથી જયસ્વાલભાઈને આપેલ ચેકથી પરત મેળવેલ છે તથા વાદી અને જયસ્વાલભાઈ એકબીજા સાથે મળેલ છે તથા રકમ મેળવેલ છે. ખરી હકીકતે પ્રતિવાદીએ કૌભાંડ કરવાના પુર્વ ઈરાદે ચેકનો દુરૂપયોગ કરેલ છે. ખરી હકીકતે ચેકનો દુરૂપયોગ કરેલ છે તેથી વાદીનો દાવો રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૩) વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

// મૌખિક પુરાવો //

ક્રમ નં.	નામ	આંક
૧.	વાદી ગૌરાંગભાઈ સુશીલભાઈ મહેતાનું સરતપાસનું સોગંદનામું	૧૫

//દસ્તાવેજી પુરાવો//

ક્રમ	વિગત	આંક
૧	પ્રોમીસરી નોટ	૨૧
૨	વાદીના બેંક ખાતાના સ્ટેટમેન્ટની નકલ	૨૨

વાદી તરફે આંક–૨૪ થી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી તે મતલબની કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવતા વાદીનો પુરાવો પુર્ણ જાહેર કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

// મૌખિક પુરાવો //

ક્રમ નં.	નામ	આંક
૧.	સાહેદ ક્રિસ્ટોબર સામવેલ સુંદરન નાડારનું સરતપાસનું સોગંદનામું	૩૫

//દસ્તાવેજી પુરાવો//

ક્રમ	વિગત	આંક
૧	પ્રતિવાદીનું બેંક સ્ટેટમેન્ટ	૩૨
૨	સાહેદનું બેંક સ્ટેટમેન્ટ	૩૩
૩	પોલીસને કરેલ અરજી	૩૪(ટે)

પ્રતિવાદી તરફે આંક–૩૬ થી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા નથી તે મતલબની કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવતા વાદીનો પુરાવો પુર્ણ

જાહેર કરવામાં આવેલ છે.

(૦૫) ત્યારબાદ, વાદી તરફે મૌખીક દલીલ કરવામાં આવેલ છે. જેમા જણાવેલ છે કે, વાદી રજુ પુરાવાઓથી દાવાની હકિકત પુરવાર કરવામાં સફળ રહેલ છે. તેમજ પ્રતિવાદી કોઇ વિરૂદ્ધનો પુરાવો રેકર્ડ પર લાવેલ ન હોય વાદીના પુરાવાને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. આમ, વાદીનો દાવો મંજુર કરવા દલીલ કરેલ છે.

તેમજ પ્રતિવાદી તરફે આંક–૩૮ થી લેખીત દલીલ રજુ રાખવામાં આવેલ છે, જેની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી પુરાવાની ચર્ચા સમયે કરવામાં આવેલ છે.

(૦૬) સદર કામે દાવાના ન્યાયીક નિર્ણય માટે આંક–૧૩ થી નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવેલા છે.

૧) શું વાદી સાબીત કરે છે કે, હાલનો આ દાવો દાખલ કરવા વાદીને સતા અને અધિકાર છે?

૨) શું વાદી સાબીત કરે છે કે, આ કામના પ્રતિવાદીને રૂ.૧૩,૦૦,૦૦૦/– પુરા એચ. ડી. એફ. સી બેંક ગોંડલ શાખાનો તેઓના ખાતામાંથી ચેક તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજનો પ્રતિવાદીને નામજોગ આપી અને તે રીતેના નાણાં ઉછીના આપેલ છે?

૩) શું વાદી સાબીત કરે છે કે, આ કામના પ્રતિવાદીએ તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજનો જે ચેક તેઓને આપેલ છે તે ચેક વણચુકવ્યો પરત ફરેલ છે અને આ કામના પ્રતિવાદી પાસે રૂ.૧૩,૦૦,૦૦૦/– કાયદેસરની લેણી રકમ બાકી નીકળે છે?

૪) શું વાદી સાબીત કરે છે કે, માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૪–એ) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીએ જયસ્વાલભાઈ મારફત નાણાં મેળવી લીધેલા છે?

૫) શું હુકમ અને હુકમનામું.

(૦૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) હકારમાં

૩) હકારમાં

૪) હકારમાં

૪–એ)નકારમાં

૫) આખરી હુકમ મુજબ.

<u>//કારણો//</u>

<u>મુદ્દા નં. ૧ થી ૩ તથા ૪–એ નું મુલ્યાંકન</u>

(૦૮) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. વાદી તથા પ્રતિવાદી તરફે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનીયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ વંચાણે તથા ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે. જે નીચે મુજબ છે.

ભારતીય પુરાવા અધિનીયમ–૧૮૭૨ ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો.

જે કોઇ એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકિકતોની સાબિતીના અસ્તીત્વ ઉપર આધારિત કોઇ કાયેદરના હક્ક અથવા જવાબદારી વિશે કોઇ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકિકતો અસ્તિત્વમાં છે. કોઇ વ્યકિત કોઇ હકિકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત પર છે તેમ કહેવાય. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા એ હકિકત સ્પષ્ટ થાય છે કે, જે પક્ષકાર જે હકિકતના અસ્તિત્વનું પ્રતિપાદન કરતો હોય તે પક્ષકારે તે હકિકતનું અસ્તિત્વ સાબિત કરવાનું રહે છે. આમ, વાદી જે હકિકતનું

પ્રતિપાદન કરતા હોય તે હકિકતનું અસ્તિત્વ સાબિત કરવાની જવાબદારી વાદીની છે અને પ્રતિવાદી જે હકિકતનું પ્રતિપાદન કરતા હોય તે હકિકતનું અસ્તિત્વ સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદીની છે.

તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા AIR 2003 GUJARAT 82 Heirs kantilal Purshottamdas Patel V/S Dahiben Jagdish Rathod ના ઉચ્ચસ્તરીય ન્યાયિક નિર્ણયમાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી જણાઇ આવે છે જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, (B) matters pleaded by plaintiff and controverted by defendant has to be positively proved by plaintiff and not negatively disproved by defendant

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ તથા ઉચ્ચસ્તરીય ન્યાયિક નિર્ણયમાં પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, વાદી જે હકિકતના આધારે દાવો લઇને આવેલ હોય તે હકિકત વાદીએ હકારાત્મક રીતે પુરવાર કરવાની રહે છે. તેમજ તે હકિકતનું અસ્તિત્વ આધાર પુરાવા સાથે પુરવાર કરવાની જવાબદારી વાદીની છે.

(૯) વાદી તરફે ગૌરાંગભાઈ સુશીલભાઈ મહેતાએ આંક-૧૫ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. જેમાં દાવાની હકિકતોને સંપુર્ણ સમર્થનકારી હકિકતો જણાવેલ છે. તેમજ તેમની દાવા અરજીના સમર્થનમાં આંક-૨૧ તથા ૨૨ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

તેમજ પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, તેઓ ન્યુઝ પેપર તથા એડ એજન્સીનો વેપાર કરે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, જયસ્વાલભાઈ પણ તેઓની સાથે આ ધંધામાં છે અને તે તેમના પાર્ટનર છે. તેઓ જયસ્વાલ એજન્સીમાં ભાગીદાર તરીકે આશરે ૨૦ વર્ષથી સાથે છે. તેમને એ વાતની જાણ નથી કે, પ્રતિવાદીના પતિએ જયસ્વાલભાઈ સાથે કોઈ નાણાની લેતીદેતી કરેલ છે કે કેમ? એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, જયસ્વાલભાઈ સાથે ભાગીદાર હોય તેમના પરીવારના સભ્યોને તેઓ ઓળખે છે. તેમને એ વાતની જાણ નથી કે, પ્રતિવાદીના

ખાતામાંથી જયસ્વાલભાઈના ખાતામાં કોઈ રકમ ટ્રાન્સફર કરવામાં આવેલ કે કેમ? તેમના ખાતામાં જે રકમ જમા હતી તે રકમ તેમના ધંધાની આવકની રકમ હતી. તેઓ તેમનું અંગત ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરે છે. તેઓ તેમની પેઢીનુ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતા નથી. તેઓ તથા જયસ્વાલભાઈના મોટાભાઈ તથા પ્રતિવાદીના પતિ ક્રિસ્ટોબર ત્રણેય મીત્રો છે. તેઓને એ વાતની જાણ નથી કે, પ્રતિવાદીના ખાતામાંથી જયસ્વાલભાઈના પરીવારના ખાતામાં પૈસા જમા થયેલ કે કેમ? તેમને એ વાતની ખબર હતી કે, પ્રતિવાદીના પતિને મકાન માટે લોન લેવાની હતી. તેઓ પ્રતિવાદીના પતિ સાથે ૧૦–૧૨ વર્ષથી પરીચયમાં હતા. તેઓ તેમને પાડોશી તરીકે તથા મીત્ર હોવાના લીધે ઓળખતા હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રતિવાદીના પતિને જયસ્વાલભાઈના મોટાભાઈ સાથે સંબંધ હોય તે જયસ્વાલભાઈને ઓળખતા હતા. તેઓને તથા પ્રતિવાદીના પતિને એકબીજા સાથે ઘર જેવા સંબંધ હતા. એ સિવાય ડીનાઈલ સ્વરૂપની ઉલટતપાસ હોય તેની ચર્ચા કરવામાં આવેલ નથી.

(૧૦) સદર કામે પ્રતિવાદી તરફે તેમના જવાબની હકિકતો પુરવાર કરવા સારૂ આંક–૩૫ થી સાહેદ ક્રિસ્ટોબર સામવેલ સુંદરન નાડારે તેમનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમા તેમણે તેમના જવાબની હકિકતોને સંપુર્ણ સમર્થનકારી હકિકતો જણાવેલ છે.

તેમજ વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે, તેઓએ ધોરણ ૭ સુધી અભ્યાસ કરેલો છે. જે ગુજરાતી માધ્યમમાં કરેલ છે. તેઓ જન્મથી ભવનાથપરા વિસ્તારમાં ગોંડલ મુકામે રહે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, વાદી પણ ભવનાથપરા વિસ્તારમાં રહે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને અને વાદી વચ્ચે પાડોશીના સબંધો છે અને તેઓ એકબીજાને તથા પરિવારના સભ્યોને પણ સારી રીતે ઓળખે છે. તેઓને આંક–૨૧ થી રજુ અસલ પ્રોમીસરી નોટ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે, તે વાદી તથા તેમના પત્ની નાડાર જ્ઞાનાસેલ્વી ક્રીસ્ટોબર વચ્ચે થયેલ છે અને તેમાં તેઓએ સાક્ષી તરીકે સહી કરેલ છે તથા

તેમનો અંગુઠો પણ કરેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રોમીસરી નોટ મુજબ વાદીના બેંક ખાતામાંથી વાદીએ મારી પત્નીના બેંક ખાતામાં રૂા. ૧૩,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરેલા અને તે રકમ તેમની પત્નીના ખાતામાં ટ્રાન્સફર થયેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યારબાદ મારા ખાતામાં જમા થયેલ. તેમને સવાલ પુછવામાં આવેલ છે કે, તમારા ખાતામા જે રકમ ટ્રાન્સફર થયેલાનું તમે જણાવો છો તે રકમ તમારા પત્નીના ખાતામાંથી તમારા ખાતામાં ટ્રાન્સફર થયેલ છે? તેના જવાબમાં જણાવેલ છે કે, ખરી વાત છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રોમીસરી નોટની શરત મુજબ તેમની પત્નીએ રૂા.૧૩ લાખ વાદીને તા.૧૦/૦૪/૨૩ સુધીમાં ચુકવી આપવાના હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની પત્નીએ પ્રોમીસરી નોટ થઇ તે સમયે વાદીના નામજોગ પોતાની સહી કરી રૂા.૧૩ લાખનો ચેક તા. ૧૦/૦૪/૨૩ ના રોજનો આપેલો. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રોમીસરી નોટની શરત મુજબ વાદીને તા.૧૦/૦૪/૨૩ ના રોજ રકમ ન મળે તો વાદી તા.૧૦/૦૪/૨૩ ના રોજ આપવામા આવેલ ચેક વટાવવા માટે બેંકમાં નાખી શકે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના દાવાવાળો વ્યવહાર માત્ર વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલો અને તેના સાક્ષી તરીકે તેઓ હતા. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓને કે તેમના પત્નીએ વાદીને પૈસા ચુકવવા ન પડે તે સારૂ જવાબમાં તથા તેમની જુબાનીમાં ભાસ્કરભાઈ જયસ્વાલવાળી ખોટી વાર્તા ઘડી કાઢેલ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, પ્રોમીસરી નોટ વાળા વ્યવહાર બાદ તેઓએ કે તેમની પત્નીએ વાદી વિરૂદ્ધ કોઇ ફરીયાદ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જયસ્વાલભાઇ તથા વાદી વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ જે ફરીયાદની વાત કરે છે તેના અનુસંધાને વાદી કે, જયસ્વાલભાઇ વિરૂદ્ધ આજદીન સુધી કોઇ ગુન્હો નોંધવામા આવેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારબાદ તેઓએ કે તેમના પત્નીએ ગૌરાંગભાઇ કે જયસ્વાલભાઇ વિરૂદ્ધ નામ.કોર્ટમાં પણ કોઇ ફોજદારી ફરીયાદ કરેલ નથી. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પત્નીએ વાદી પાસેથી મેળવેલ રકમ વાદીને પરત ચુકવી આપેલ હોય તેવો

કોઈ પુરાવો આ કામે રજુ કરવામા આવેલ નથી.

(૧૧) વાદીએ હાલનો આ દાવો રૂા.૧૩,૦૦,૦૦૦/– ની લેણી રકમ વસુલ મેળવવા માટે કરેલ છે. વાદી તરફે આંક–૨૧ થી રજુ પ્રોમીસરી નોટના આધારે હાલનો દાવો કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ તેમના લેખીત જવાબમાં એવો વાંધો લીધેલ છે કે, લોન કરાવવાના બહાને જયસ્વાલભાઈએ લખાણમાં સહી કરવાનું કહેતા સહી કરેલી. આમ, પ્રતિવાદીએ તેમના લેખીત જવાબમાં આંક–૨૧ થી રજુ પ્રોમીસરી નોટ કે જે વાદીના દાવાનો મુખ્ય આધાર છે જેને લેશમાત્ર પડકારેલ નથી. તેમજ પ્રતિવાદી પોતે બોક્ષમાં આવેલ નથી. આમ, વાદીને પ્રતિવાદીની ઉલટતપાસ કરવાની તક મળેલ નથી. તેમજ આંક–૨૧ થી રજુ પ્રોમીસરી નોટ વંચાણે લેવામાં આવે તો, તેમાં નાણાં આપનાર તરીકે હાલના વાદીનું નામ છે તથા નાણાં લેનાર તરીકે પ્રતિવાદીનું નામ છે. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, ભવનાથનગરમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧, શીટ નંબર–૧૦૧, સીટી સર્વે નં.૨૩૧૬ પૈકીના પ્લોટ નં.૯૩ પૈકીની ચો. વા. ૪૯–૩ જેના ચો. મી.૪૧–૩૦૫ માં આવેલ રહેણાંક મકાન રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૧૫૨૧, તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ ખરીદ કરેલ ત્યારે નાણાંકીય જરૂરીયાત ઉભી થતા સગા સબંધી પાસેથી નાણાં ઉછીના લીધેલ હતા તે પરત આપવા માટે તમો નાણાં આપનારે પાડોશી નાતે વગર વ્યાજે રૂા.૧૩,૦૦,૦૦૦/– નો એચ. ડી. એફ. સી, ગોંડલ શાખાનો સેવીંગ ખાતાનો ચેક નં.૦૦૦૦૨૪, ખાતા નં.૫૦૧૦૦૩૩૮૧૨૯૫૩૧, તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ આપેલ છે જે રકમ તા.૧૦/૦૪/૨૦૨૩ સુધીમાં નાણાં લેનારને ચુકવી આપવાની છે. જો ચુકવી આપવામાં ન આવે તો, નાણાં લેનાર દ્વારા નાણાં આપનારને એચ. ડી. એફ. સી ગોંડલ શાખાનો સેવીંગ ખાતાનો ચેક નં.૦૦૦૦૦૭, ખાતા નં.૫૦૧૦૦૪૫૨૩૫૮૪૪૪ નો રૂા.૧૩,૦૦,૦૦૦/– નો ચેક સહી કરી આપવામાં આવેલ છે તે બેંકમાં રજુ કરી રકમ પરત મેળવી શકે છે. પ્રતિવાદીના પતિ ક્રિસ્ટોબર સામવેલ સુંદરમ નાડારે આંક–૩૫ થી પ્રતિવાદીના સાહેદ તરીકે સરતપાસનું સોગંદનામું રજુ રાખેલ છે. તેમજ વાદી

તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન આંક-૨૧ થી રજુ પ્રોમીસરી નોટ જોઇને જણાવેલ છે કે, તે વાદી તથા મારા પત્ની એટલે કે પ્રતિવાદી વચ્ચે થયેલ છે અને તેમાં મે સાક્ષી તરીકે સહી કરેલ છે અને અંગુઠો પણ કરેલ છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, પ્રોમીસરી નોટ મુજબ વાદીએ તેના બેંક ખાતામાંથી મારા પત્નીના બેંક ખાતામાં રૂા.૧૩,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરેલા જે પ્રોમીસરી નોટની શરત મુજબ તા.૧૦/૦૪/૨૦૨૩ સુધીમાં ચુકવી આપવાના હતા અને પ્રોમીસરી નોટ થઇ તે સમયે તેમની પત્નીએ વાદીના નામ જોગ પોતાની સહી કરી રૂા.૧૩,૦૦,૦૦૦/- નો ચેક તા.૧૦/૦૪/ ૨૦૨૩ ના રોજ આપેલો જે ચેક તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ રકમ ન મળે તો વાદી ચેક વટાવવા માટે બેંકમા નાખી શકે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના દાવાવાળો વ્યવહાર માત્ર વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલો અને સાક્ષી તરીકે હુ હતો. આમ, પ્રતિવાદીના પતિએ આંક-૨૧ થી રજુ પ્રોમીસરી નોટની તમામ વિગતોનો સ્વીકાર કરેલ છે. આમ, સદર પ્રોમીસરી નોટ ન માનવાને કોઇ કારણ રહેતુ નથી.

(૧૧.૧) વાદીએ આંક-૨૨ થી તેમના એચ. ડી. એફ. સી બેંક ગોંડલ શાખાના ખાતા નં.૫૦૧૦૦૩૩૮૧૨૯૫૩૧ નું તા.૨૧/૦૩/૨૦૨૩ થી તા.૨૦/૦૪/૨૦૨૩ સુધીનું બેંક સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ ચેક નં.૦૦૦૦૨૪ થી રૂા.૧૩,૦૦, ૦૦૦/- પ્રતિવાદીના ખાતામાં જમા થયેલ છે. તેમજ તા.૧૧/૦૪/૨૦૨૩ ના રોજ ચેક નં.૦૦૦૦૦૭, ''ફંડસ ઇનસફીસયન્ટ'' ના કારણે રીટર્ન થતા રીટર્ન ચાર્જ બાબતેની એન્ટ્રી છે. આમ, વાદીએ પ્રતિવાદીને રૂા.૧૩,૦૦,૦૦૦/- આપેલ હોવાનું અને તેની સમયમર્યાદા પુર્ણ થતા સદર રકમ પરત ન કરતા વાદીએ પ્રતિવાદી હ્નારા આપવામાં આવેલ ચેક બેંકમા જમા કરાવતા ચેક ''ફંડસ ઇનસફીસયન્ટ'' ના કારણે પરત ફરેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૧૧.૨) પ્રતિવાદી હ્નારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, પ્રતિવાદીના પતિ વ્યાજના ચક્રમાંથી બહાર નીકળવા માંગતા હતા અને તેથી

પ્રતિવાદીના પતિએ ભાસ્કરભાઈ જયસ્વાલને વાત કરતા તેમણે મોટી રકમની લોન કરી આપવાનુ જણાવેલ અને તેના માટે ખાતામાં વ્હાઇટની એન્ટ્રી હોવી જોઇએ જેથી પ્રતિવાદીના ખાતામાં જયસ્વાલભાઈના કહેવાથી વાદીએ રૂા.૧૩,૦૦,૦૦૦/– તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ જમા કરાવેલ અને તે રકમ તે જ દિવસે પ્રતિવાદીએ પ્રતિવાદીના પતિના ખાતામાં વ્હાઇટની એન્ટ્રી કરવા ટ્રાન્સફર કરેલ અને તે જ દિવસે પ્રતિવાદીના પતિના ખાતામાંથી હર્ષાબેન ભાસ્કરભાઈના ખાતામાં રૂા.૫,૦૦,૦૦૦/– તથા હીનાબેન રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૩,૦૦,૦૦૦/– તથા ચંદ્રશેખર રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૨,૦૦,૦૦૦/– આર. ટી. જી. એસથી ટ્રાન્સફર કરેલ તથા બાકીની રકમ વાદીને ચુકવેલ. ત્યારબાદ જયસ્વાલભાઈને લોન કરવાનું જણાવતા તેમણે કહેલ કે, તારે તેર લાખ રૂપીયા આપવા પડશે નહી તો હું કેસ કરીશ. ત્યારબાદ પ્રતિવાદીના પતિએ ગોંડલ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ પરંતુ પોલીસે કાંઇ કરેલ નહી અને કહેલ કે આ સીવીલ મેટર છે. આમ, વાદીએ પ્રતિવાદીના ખાતામાં રૂા.૧૩,૦૦,૦૦૦/– જમા કરાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

(૧૧.૩) તેમજ પ્રતિવાદી તરફે ટેન્ટેટીવ આંક–૩૪ થી પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, પોલીસ સ્ટેશન દ્વારા રીસીવ કરવામાં આવેલ કોપી છે. આમ, સદર અરજીને પાકો આંક આપી વંચાણે લેવાનો હુકમ કરવામાં આવે છે. સદર અરજી વંચાણે લેવામાં આવે તો, પ્રતિવાદીના પતિએ સ્પષ્ટ જણાવેલ છે કે, તેમણે અંદાજે ૨૦૧૭ માં તેમના પાડોશમાં રહેતા જયસ્વાલભાઈ પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/– લીધેલા તથા વધુ પૈસાની જરૂર ઉભી થતા જયસ્વાલભાઈ પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/– ની માંગણી કરતા કોઇ હીનાબેનના ખાતામાંથી પ્રતિવાના પતિના ખાતામાં સદર રકમ નાખવામાં આવેલી. ત્યારબાદ પણ વધુ રકમની જરૂરીયાત ઉભી થતા સને–૨૦૨૧ માં જયસ્વાલભાઈ પાસેથી રૂા.૨,૦૦,૦૦૦/– ની માંગણી કરેલ જે રકમ જયસ્વાલભાઈએ પ્રતિવાદીના પતિના ખાતામાં નાખેલ. ત્યારબાદ

પ્રતિવાદીના પતિ વ્યાજના ચક્રમાંથી બહાર નિકળવા માંગતા હોય તેમણે લોક–અદાલતમાં અરજી આપેલ હોય જેની જાણ જયસ્વાલભાઈને થતા તેમને કહેલ કે, હું તને વીસ લાખ સુધીની વ્યવસ્થા કરી આપીશ. ત્યારબાદ કોઈ લોન એજન્ટ સાથે મુલાકાત કરાવેલ અને તમે ડીફોલ્ટર છો તેથી તમને લોન નહી મળે તમારા પત્નીના નામે લોન કરાવીશું તેવુ કહી પ્રતિવાદીના આધારકાર્ડ તથા પાનકાર્ડ તથા પ્રતિવાદી અને પ્રતિવાદીના પતિના આઈ. ટી. રીટર્ન લઈ ગયેલ અને લોન પેટે પ્રતિવાદીના પતિ પાસેથી રૂા.૭૦,૦૦૦/– લીધેલા. ત્યારબાદ જણાવેલ કે, લોન લેવી હોય તો રૂા.૧૩,૦૦,૦૦૦/– ની એન્ટ્રી પડાવી પડે તેમ છે અને તેથી તેમની પત્નીના ખાતામાં વાદીએ રૂા.૧૩,૦૦,૦૦૦/– નાખેલ. ત્યારબાદ પ્રતિવાદીએ તેમના પતિના ખાતામાં તે જ દિવસે રકમ ટ્રાન્સફર કરેલ. તેમજ વાદી ગૌરાંગભાઈએ પ્રતિવાદીના પતિ પાસેથી ચાર ચેક લીધેલા જે પૈકી ત્રણ ચેક દ્વારા ક્રમશ: હર્ષાબેન ભાસ્કરભાઈના ખાતામાં રૂા.૫,૦૦, ૦૦૦/– તથા હીનાબેન રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૩,૦૦, ૦૦૦/– તથા ચંદ્રશેખર રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૨,૦૦, ૦૦૦/– જમા કરાવેલા અને ચોથા ચેકમાં ગૌરાંગભાઈએ સેલ્ફ કરી બાકી રહેલા રૂા.૨,૮૬,૦૦૦/– રોકડા ઉપાડી લીધેલ. પ્રતિવાદીના પતિ દ્વારા આંક–૩૩ થી તેમનું બેંક સ્ટેટમેન્ટ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે તો, હર્ષાબેન ભાસ્કરભાઈના ખાતામાં રૂા.૫,૦૦, ૦૦૦/– તથા હીનાબેન રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૩,૦૦, ૦૦૦/– તથા ચંદ્રશેખર રજનીકાંત જયસ્વાલના ખાતામાં રૂા.૨,૦૦, ૦૦૦/– ટ્રાન્સફર થયેલ હોવાનું તથા રૂા.૨,૮૬,૦૦૦/– ચેક દ્વારા સેલ્ફથી ઉપાડવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આમ, કુલ રૂા.૧૦, ૦૦,૦૦૦/– ચેકથી ઉપરોકત ત્રણ ખાતામાં ટ્રાન્સફર થયેલ છે તથા રૂા.૨,૮૬,૦૦૦/– સેલ્ફના ચેક દ્વારા ઉપાડવામાં આવેલ છે જે જોતા કુલ રૂા.૧૨,૮૬, ૦૦૦/– થાય. તેમજ સેલ્ફના ચેકથી પૈસા હાલના વાદીએ કે જયસ્વાલભાઈએ ઉપાડેલા હોવા બાબતે વાદીની ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષ દ્વારા કોઈ સવાલ પુછવામાં આવેલ નથી. આમ, રોકડ

રૂા.૨,૮૬,૦૦૦/- વાદી કે જયસ્વાલભાઈ દ્વારા ઉપાડવામાં આવેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ ન હોય તે હકિકત માની શકાય તેમ નથી. તેમજ અલગ અલગ ખાતાઓમાં રૂા.૧૦,૦૦,૦૦૦/- ટ્રાન્સફર થયેલ છે તે પ્રતિવાદીના પતિના ખાતામાંથી ટ્રાન્સફર થયેલ છે અને તે પ્રતિવાદીના પતિના દેણાંની ચુકવણી પેટે ટ્રાન્સફર કરેલ છે. તેમજ પ્રતિવાદી પોતે બોક્ષમાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીના પતિએ પોલીસ સમક્ષ કરેલ અરજીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓ મુળ રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/- પરત આપવા બંધાયેલા છે જે થોડી મુદતમાં પરત આપી દેવા તૈયાર છે. આજદિન સુધી પ્રતિવાદીએ વાદીને કોઈ રકમ ચુકવેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. આમ, રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવો જોતા પ્રતિવાદીએ રૂા.૧૩,૦૦,૦૦૦/- નો ચેક વાદીને કાયદેસરના લેણાંની ચુકવણી પેટે આપેલ હતો જે વણચુકવ્યો પરત ફરેલ છે. આમ, પ્રતિવાદીનો સદર બચાવ ટકવાપાત્ર રહેતો નથી.

(૧૨) આમ, ઉપરોકત તમામ પુરાવાઓ જોતા વાદી એ હકિકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, વાદીએ પ્રતિવાદીને ચેક નં.૦૦૦૦૨૪ થી રૂા.૧૩,૦૦,૦૦૦/- પ્રતિવાદીને આપેલ છે. તેમજ વાદી અને પ્રતિવાદી વચ્ચે પ્રોમીસરી નોટ થયેલ છે અને જેના આધારે વાદીએ હાલનો આ દાવો કરેલ છે. આમ, વાદીને હાલનો આ દાવો દાખલ કરવાની સત્તા અને અધિકાર રહેલ હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે. તેમજ વાદીએ પ્રતિવાદીને તા.૨૦/૦૩/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીના નામ જોગ રૂા.૧૩,૦૦,૦૦૦/- નો પોતાના ખાતાનો એચ. ડી. એફ. સી બેંક, ગોંડલ શાખાનો ચેક આપેલ હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૨ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે. તેમજ પ્રતિવાદીએ આપેલ ચેક વણચુકવ્યો પરત ફરતા વાદીને તેમની લેણી રકમ મળેલ ન હોય વાદીની રૂા.૧૩,૦૦,૦૦૦/- લેણી રકમ બાકી નિકળતી હોવાનું પુરવાર કરવામાં વાદી સફળ રહેલ હોય મુદ્દા નં.૩ નો જવાબ

''હકારમાં'' આપવામાં આવે છે. તેમજ અલગ અલગ ત્રણ ખાતાઓમાં રૂા.૧૦,૦૦,૦૦૦/– જેટલી રકમ પ્રતિવાદીના પતિના ખાતામાંથી ટ્રાન્સફર થયેલ છે તે જયસ્વાલભાઈના લેણાંની ચુકવણી પેટે ટ્રાન્સફર થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોય પ્રતિવાદી મુદ્દા નં.૪–એ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય મુદ્દા નં.૪–એ નો જવાબ ''નકારમાં'' આપવામાં આવે છે.

<u>મુદ્દા નં.૪ ની ચર્ચા</u>

(૧૩) મુદ્દા નં. ૪ જોવામાં આવે તો, વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે કે કેમ? તે મુજબનો કાઢવામા આવેલ છે. સદર મુદ્દા સંદર્ભે જોવામાં આવે તો, વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧૩,૦૦,૦૦૦/– મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલ છે. તેમજ સદર રકમ ઉપર નામ. કોર્ટને યોગ્ય લાગુ તેટલુ વ્યાજ અપાવવા દાદ માંગેલ છે. સી. પી. સી કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લેતાં, તેમજ પ્રવર્તમાન બેંકના વ્યાજ દરો તથા એફ. ડી. પરના વ્યાજ દરો વિગેરે ધ્યાને લેતાં, વાદીને લેણી રકમ ઉપર દાવો દાખલ કર્યા તારીખથી લેણી રકમ વસુલ આવતા સુધી ૯% વાર્ષિક વ્યાજ અપાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ જણાય આવે છે. જેથી વાદી પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર વાર્ષિક ૯% વ્યાજ મેળવવા હકકદાર હોવાનું પુરવાર થાય છે. આમ, વાદી મુદ્દા નં. ૪ પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં. ૪ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે અને મુદ્દા નં. ૫ પરત્વે નીચે મુજબનો ''આખરી હુકમ'' કરવામાં આવે છે.

<u>// આખરી હુકમ //</u>

૧) વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

૨) વાદી પ્રતિવાદી પાસેથી બાકી નિકળતી લેણી રકમ રૂા.૧૩,૦૦, ૦૦૦ /–(અંકે રૂપીયા તેર લાખ હજાર પુરા) દાવો દાખલ કર્યા તારીખથી સદર લેણી રકમ વસુલ આવતા સુધી તેની ઉપર વાર્ષિક ૯% ના સાદા વ્યાજ સાથે મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩) પ્રતિવાદીએ વાદીને થયેલ દાવાનો ખર્ચ ચુકવવો તથા પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ:૨૯ મી, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૯/૦૬/૨૦૨૬
સ્થળ: ગોંડલ.

(કુ. જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)
પ્રિન્સીપાલ સીનીયલ સીવીલ જજ,
ગોંડલ.
(GJ00921)